## ખૂટતી કડીઓ જોડવાનો એક્શન પ્લાન આવકાર્ય છે પરંતુ હજુ પ્રશ્નોની વણઝાર છે

**સિવિલ હોસ્પિટલમાં બે સિસ્મોમેટીક દર્દીઓ કેટલા ? કોવિડ કેર સેન્ટરમાં આવા દર્દીઓ કેમ તબદીલ નથી કરાતા ? કોરોના વોરિયર્સને રહેવા-જમવાની ગુણવત્તાસભર સુવિધા અપાઈ છે ખરી ? ખાનગી કોવિડ હોસ્પિટલો માટે કેમ વિલંબ થયો ?**

**સમયસર**
**- પ્રકાશ જહા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના સંક્રમણને અટકાવવા માટે અધિક મુખ્ય સચિવશ્રીએ એક કાર્યયોજના તૈયાર કરી અને અમલવારીનો આરંભ પણ થયો છે પરંતુ આ ક્ષણે ખૂટતી કડીઓ જોડવાનું આ કાર્ય કેમ ખોરંભે પડ્યુ હતુ એ હજુ વણઉકલ્યો જવાબ શોધવાનો પ્રયાસ જરૂરી છે.

લોકડાઉન પછી શહેરના અને જિલ્લાના પ્રશ્નો વધ્યા છે. આરોગ્ય સેવાઓના સઘનીકરણની વાતો કાગળો પર સારી જરૂર લાગે છે. પરંતુ તંત્રના અધિકારીઓએ કોવિડ હોસ્પિટલ બનવામાં કેમ વિલંબ થયો ? જિલ્લામાં જિલ્લાકક્ષાની હોસ્પિટલની વિકલ્પ સેવાઓ ક્યાં મળશે ? કોવિડ હોસ્પિટલમાં બનાવાયેલા વોર્ડમાં શું પુરતી સુવિધાઓ છે ? ત્યાં ડૉક્ટરો ડ્યુટી પ્રમાણે રાઉન્ડ લે છે કે પછી જુનિયર રેસિડેન્ટ અને સિનીયર રેસિડેન્ટોની મુલાકાતથી જ ચાલે છે ? શું ખરેખર એચ.ઓ.ડી. સહિતના એ વોર્ડમાં જઈ દર્દીઓનો અવાજ સાંભળ્યો છે ?

બીજુ ખાનગી હોસ્પિટલોને કોવિડ હોસ્પિટલ બનાવવા અને પથારીઓ આરક્ષિત કરવાની વાત અને સૂચનાઓ સરકારે તો આપી દીધી પરંતુ કેમ ઉદાસીનતા સેવાઈ તે પ્રશ્ન હજુ પણ અનુત્તર રહ્યો છે.

કોવિડના દર્દીઓ માટે દિન રાત એક કરતા કોરોના વોરિયર્સની રહેવા-જમવાની વ્યવસ્થા વિશે વિચાર્યુ તો અમલવારી ક્યારથી શરૂ થઈ ? શું તેમને જમવાનું ફાઈવસ્ટાર જેવુ નહિ પણ સારી ગુણવત્તાવાળુ અને ગરમ મળે છે ખરૂ ?

કોવિડ-વોર્ડમાં વોશીંગની સુવિધા છે ? આવા તો ઘણા પ્રશ્નો હજુય અનુત્તર રહ્યા છે પરંતુ દેર સે આયે દુરસ્ત આયે... એમ આપના દ્વારા તૈયાર કરાયેલ એક્શન પ્લાન પછી પણ પ્રશ્નો નગરજનોના મનમાં છે ?

બાયો-મેડિકલ વેસ્ટનો નિકાલ ક્યાં કરવામાં આવે છે ? શહેરની ડમ્પીંગ સાઈટની હાલત હાલ શું છે ? મનપા દ્વારા કોવિડના સંદર્ભમાં શું પગલાં લેવાયા ? કંટ્રોલરૂમમાં કોરોનાના લક્ષણો સહિતની પૃચ્છા માટે આવતા ફોનમાંથી કેટલાને ખરેખર સારવારની જરૂર હતી તે વિશે કેમ કોઈ ઉલ્લેખ ક્યારેય થતો નથી. આવા લોકો માટે મનપાએ શું કર્યુ ?

ખેર જવા દો; પણ જે પાયાના પ્રશ્નો છે જેમ કે પિડિયાટ્રીક વોર્ડમાં બાળ દર્દીઓ અલગ રખાયા છે ? જે કંઈ પ્રસુતિઓ થઈ તેમાં કોઈને કોરોના નથી લાગ્યો ને ? જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ દવાનો છંટકાવ નિયમિત થાય તેવા પગલાં લેવાયા ? શહેરમાં દવાનો છંટકાવ નિયમિત રીતે થાય છે ખરો ? કોરોનાની સ્થિતિના સંદર્ભમાં કાઉન્સીલરોએ લખેલા પત્રોના પ્રત્યુત્તર હા કે ના માં અપાયા ખરા ? તેના પર શું પગલાં લેવાયા ? આ બધી બાબતો અનુત્તર રહી છે.

ગાંધીનગર જિલ્લામાંથી જે શ્રમિકો તેમના રાજ્યમાં જવા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૧ અને જિલ્લામાં ૬ કેસ

**સેમ્પલીંગની કામગીરી સઘન બનાવવા ઉપરાંત તંત્રએ સુવિધાઓ વધારવા સહિતના મહત્વના નિર્ણયો લીધા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે વધુ ૭ કેસ કોરોનાના પોઝીટીવ નોંધાયા છે. જેમાં છ ગ્રામ્ય વિસ્તારમાં અને એક કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે.

શહેરજિલ્લામાં આ સાથે કોરોનાના નોંધાયેલ કેસોની સંખ્યા ૭૭ પર પહોંચી છે. સેક્ટર-૨૪માંથી કેસોની સંખ્યા વધતાં તંત્રએ હવે આ વિસ્તાર પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ ઉપરાંત સેમ્પલીંગની કામગીરી પર પણ ખાસ ભાર મુકવામાં આવી રહ્યો છે.

શહેર અને જિલ્લામાં જે છેલ્લા સપ્તાહમાં કેસો બહાર આવ્યા છે તેને લઈ સમગ્ર તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. તંત્ર દ્વારા ત્રણ જેટલી ખાનગી હોસ્પિટલોને કોરોના માટે ડેઝીગ્નેટેડ પણ કરી દીધી છે. આ ત્રણેય ખાનગી હોસ્પિટલોમાં ૨૦૦ જેટલી બેડની સુવિધા ઉભી થશે. આ ઉપરાંત કોલવડા ખાતે આયુર્વેદ હોસ્પિટલમાં પણ કોરોના કેર સેન્ટર ૧૦૦ બેડનું ઉભુ કરવામાં આવ્યુ છે.

તંત્ર દ્વારા હવે કોરોનાના સંક્રમણને અટકાવવા માટે ત્વરિત કામગીરી હાથ ધરી છે એટલુ જ નહિ લોકડાઉનનો અમલ પણ સખ્તાઈથી કરાવવામાં આવી રહ્યો છે.

# ગ્રામ્ય વિસ્તારોમાં વધુ ૬ કેસ

**અડાલજના એક જ પરિવારના ચારેય સભ્યોના રિપોર્ટ પોઝીટીવ**
**જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના વધુ ૧ દર્દીનું સારવાર દરમિયાન મોત**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પોઝીટીવના ૪ કેસ નોંધાયા છે જયારે એક વ્યકિતનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ ૪ નવા કેસ સાથે ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૪૩ થઈ છે જયારે એક વ્યકિતના સારવાર દરમિયાન થયેલ મત્યુ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોના અને કો-મોરબીડ મોત ૪ થયા છે.

જિલ્લામાં જે ચાર વ્યકિતના મૃત્યુ થયા છે તેમાં એક મહિલા અને ૩ પુરુષ દર્દીનો સમાવેશ થાય છે. આજે દહેગામ તાલુકાના ઈસનપુર ડોડિયાના દર્દીનું સારવાર દરમિયાન મોત નીપજયું છે. જેમની ઉંમર ૩૦ વર્ષની હતી પણ પડી જતાં માથામાં થયેલ ઈજાને કારણે કોરોનાની સારવાર દરમિયાન મોત થયાનું જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં જે ચાર નવા કેસ નોંધાયા છે જે અડાલજના સ્વાગત સીટીમાં રહેતા એક જ પરિવારના સભ્યો છે. આ પરિવારના બે સભ્યો સવારે પોઝીટીવ આવ્યા હતા જયારે બે સભ્યો બપોર પછી પોઝીટીવ જણાતાં ચારેયને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ મોડી સાંજે નોંધાતા કેસોની સંખ્યા ૬ થઈ છે. એક કેસ નાંદોલમાં નોંધાયો છે. જે અગાઉ મહિલા દર્દી નોંધાઈ હતી તેના પરિવારમાં જ કેસ હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત એક કેસ પીડીપીયુ રોડ પરની વસાહત વિસ્તારમાંથી મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. આ પછી દહેગામ તાલુકામાં કેસો નોંધાયા છે.

જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭૪૮ લોકોના નમૂના મેળવી તે પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૪૧ વ્યકિતઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ચારેય તાલુકામાં આજે આરોગ્યની ટીમો દ્વારા ૧૫૦થી વધુ લોકોના નમુના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.ગ્રામ્ય વિસ્તારના ૩૦ દર્દી હાલ સારવાર હેઠળ છે. જયારે ૪ દર્દીના મોત થયા છે અને સાત દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

## શહેર અને જિલ્લામાં માસ સેમ્પલીંગ શરૂ કરાયુ

ગાંધીનગર શહેરમાં અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજથી માસ સેમ્પલીંગની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી આજે ૧૫૦ થી પણ વધુ સેમ્પલો ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે. આજે ગ્રામ્ય વિસ્તારો તેમજ જિલ્લાના નગરપાલિકા વિસ્તારોમાંથી શાકભાજીની લારીવાળા સહિત કેટલાક શંકાસ્પદ લોકોના સેમ્પલીંગ લેવામાં આવ્યા હોવાનું આરોગ્યતંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જો કે તંત્રએ જિલ્લામાં અને શહેરમાં અપડાઉન કરવા સહિતની વિવિધ બાબતોને લઈ કડક રીતે કાર્યવાહી હાથ ધરી છે. આજે કોવિડ-૧૯ની ચેકપોસ્ટ પરથી સંખ્યાબંધ લોકોને પરત મોકલવામાં આવ્યા હોવાની વાતો પણ લોકજીભે ચર્ચામાં આવી હતી.

જિલ્લામાં હાલ ૭૦ થી વધુ કેસ કોરોનાના નોંધાયા છે અને સરકારે આ બાબતને ગંભીરતાથી લઈ અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તાના વડપણ હેઠળ વધુ બે સચિવ કક્ષાના અધિકારીઓની નિમણુંક કરી છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસની મેરેથોન બેઠકો બાદ કાર્યયોજના પણ તૈયાર કરી દેવામાં આવી છે.

આજે આ યોજનાના ભાગરૂપે જ માસ્ક સ્કેલ પર માસ સેમ્પલીંગ કરવામાં આવ્યુ છે અને જે આખુ સપ્તાહ ચાલશે.

## સેક્ટર-૨૪માંથી વધુ ૧ કેસ મળતા કુલ ૬ કેસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતા સે. ૨૪ માંથી આજે વધુ એક કોરોના પોઝીટીવનો કેસ મળી આવ્યો છે.

આ સાથે આ સેક્ટરમાંથી આ ૬ ઠ્ઠો કેસ મળતાં મનપાના તંત્રએ ત્યાં કામગીરી સઘન બનાવી છે.

ગઈકાલે જિલ્લાકક્ષાએ પણ પરિસ્થિતિની સમીક્ષા માટે મળેલ એક ઉચ્ચસ્તરીય બેઠકમાં સે. ૨૪ ના કેસો એ ચર્ચાનો મુદ્દો બન્યા હતા. ગઈકાલે સે. ૨૪માંથી ૩૬ નમુના ચકાસણી માટે લેવામાં આવેલ જેમાંથી બે પોઝીટીવ કેસ મળ્યા હતા.

આ સેક્ટરમાં સર્વેલન્સ સઘન કરવાની કડક સૂચના આ બેઠકમાં આપવામાં આવી હતી. તેમજ આ સેક્ટરમાં ટેસ્ટ માટે નમૂના વધુમાં વધુ લેવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## હેલ્લો... ગાંધીનગર

- જિલ્લા તંત્રના સંકલન માટેની હાઈપાવર બેઠકમાં શહેરની પ્રતિષ્ઠિત ડૉક્ટર્સ સર્વશ્રી ડૉ. અસીમભાઈ શાહ, ડૉ. જીગ્નેશ રાજવીર અને ડૉ. જયેશ શાહને નિમંત્રિત કરાયા હતા.
- શહેરની પ્રતિષ્ઠિત બેકરી લક્ષ્મી બેકરી અંગે ચાલતી અફવા સંદર્ભે તપાસ કરતા સ્પષ્ટ જણાયું કે બેકરીના કોઈ કર્મચારી કે માલિક પરિવારને કોરોના પોઝીટીવ નથી.
- શહેરની પગરવ હોસ્પિટલના સ્ટાફના એક સભ્યના પરિવારજનને કોરોના પોઝીટીવની ચાલતી અફવા પાયાવિહોણી છે. પગરવ હોસ્પિટલના તમામ સ્ટાફના રીપોર્ટ નેગેટીવ છે.
- કોરોનાગ્રસ્ત યુવતીની સેક્ટર-૪-બીમાં ટેસ્ટ પૂર્વેની અવરજવરને પગલે ૨૭ પરિવારોને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.
- સિવિલ હોસ્પિટલના કોરોના વોર્ડમાં બંને ફીજીશ્યન છેલ્લા ત્રણ ત્રણ દિવસથી ૧૨-૧૨ કલાકની અને કયારેક ૨૪ કલાકની સળંગ ટયુટી બજાવી રહ્યા છે. સલામ છે ડૉ. દિનકર ગોસ્વામી અને ડૉ. ચિરાયુ વૈદ્યને...
- શહેરમાં ગોયેન્કા હોસ્પિટલને કોવિડ હોસ્પિટલ તરીકે જાહેર કરાઈ જયારે આશ્કા અને સ્વામિનારાયણ હોસ્પિટલના એક એક ફ્લોર કોવિડ-૧૯ માટે અનામત રાખવાના આદેશ અપાયા.


**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી**



**સ્વ. જીગર નરેન્દ્રભાઈ પટેલ**
સ્વર્ગવાસ તા. ૫-૫-૨૦૧૯

**આપને વિદેહ થયાને આજે એક વર્ષ પૂર્ણ થઈ ગયું !**
**મન માનતું નથી; હૃદય સ્વીકારતું નથી !**
**આપ અમારી સાથે નથી તોય એવું અનુભવાય છે કે**
**તમે અમારી સાથે, અમારી વચ્ચે અને અમારા હૃદયમાં છો.**
**આપનો સ્મિતસભર ચહેરો અને મમતાસભર આંખો**
**અમે કદી વીસરવાના નથી.**

લિ.

મુકેશભાઈ પટેલ
ભાવીન પટેલ
કિર્તીભાઈ પટેલ

વિરમભાઈ દેસાઈ
કૃણાલ દેસાઈ
નીતિન પટેલ (એ.આર.સી.)

હર્ષદભાઈ પ્રજાપતિ
હાર્દિક પ્રજાપતિ
અર્પિત પ્રજાપતિ


# ગાંધીનગરની કિલ્લેબંધી

**દેર આયે દુરસ્ત આયે : અમદાવાદથી આવતા કોરના કેરિયર્સને શેહરમાં ‘નો એન્ટ્રી’ પ્રવેશદ્વારે જ રોક : આખરે શહેરમાં અમદાવાદથી આવતા કર્મચારીઓ સહીત અન્ય નોકરીયાતોને પણ પોલીસે પ્રવેશદ્વારે અટકાવી ‘બેક ટુ હોમ’ મોકલવાનુ શરૂ કર્યુ : મોડા મોડા પણ પોલીસ કડક બની**








ગાંધીનગર તા ૪

ગાંધીનગરને કોરાના મુકત જાહેર કરી દેવાયા બાદ અચાનક જ કોરાનાના કેસ દિનપ્રતિદિન વધતા અમદાવાદથી આવતા કોરોના કેરિયર્સ માટે સૌ કોઈએ નારાજગી વ્યકત કરી કોરાનાના વધતા સંક્રમણનો અટકાવવા શહેરના પ્રવેશદ્વાર પર રોક લગાવવાનો અનિવાર્ય હોવાનો પ્રબળ સુર ઉઠવા પામ્યો હતો. જયારે હવે પોલીસ પણ આ મામલે કડક ચેકીંગ કરીને અમદાવાદથી આવતા નોકરીયાતોને શહેરના ચ-૦ પ્રવેશદ્વારે જ અટકાવે છે. અમદાવાદથી ગાંધીનગર આવતા સરકારી કર્મચારીઓ કે બેંક સહીત અન્ય ઠેકાણે નોકરી કરતા નાગરિકોને પોલીસ તેમના ઘરે પાછા મોકલી દે છે. કોરનાના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે પોલીસ આખરે કોઈપણ કોરોના કેરિયર્સને શહેરમાં પ્રવેશવા દેશે નહીં. નો એન્ટ્રીના અભિગમ સાથે દેર આયે.. દુરસ્ત.. આયેની જેમ પોલીસતંત્ર હવે મોડા મોડ પણ આ મામલે સજાગ બન્યુ છે.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી કોરોનાના કેસ વધતા અમદાવાદથી આવતા કોરોના કેરિયર્સને હવે શહેરમાં એન્ટ્રી આપવામાં આવતી નથી. શહેરના પ્રવેશદ્વાર ચ-૦ પાસે જ પોલીસ શહેરમાં પ્રવેશતા નાગરિકોની પુછતાછ કરી વિવિધ સરકારી કચેરીઓ , બેંકો તેમજ અન્ય જગ્યાએ નોકરી પર આવતા કર્મચારીઓને અટકાવી પરત ઘરે મોકલી દે છે. જેના લીધે શહેરમાં અમદાવાદના નાગરિકોના લીધે સંક્રમણ થવાની સંભાવના હવે ઘટી છે. આ કામગીરી અગાઉથી જ કડક રીતે હાથ ધરવાની અનિવાર્યતા હતી. જો આમ કરવામાં આવ્યુ હોત તો હાલની સ્થિતિએ સેકટરોમાં પ્રારંભિક તબક્કાબાદ એક પણ નવો કેસ આવ્યો ન હોત તેમ પણ નગરજનો માની રહ્યા છે. શહેરના સેકટરો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી કોરોનાના નવા કેસ ન આવતા ગાંધીનગરને કોરોના મુક્ત પણ જાહેર કરી દેવાયુ હતુ. પરંતુ અમદાવાદથી આવતા નાગરિકોના લીધે શહેર ફરી પાછુ કારોનાની ઝપટે ચઢી ગયુ છે. સેકટરોમાં લોકડાઉનનો કડક અમલ કરીને આમ નાગરિકો સરકારની ગાઈડલાઈનનો અમલ કરી રહ્યા છે. પરંતુ અમદાવાદ સહીત બહારથી આવતા કોરોના કેરિયર્સના લીધે સ્થાનિક નગરજનો પણ સંક્રમણમાં લપેટાયા છે. જયારે અમદાવાદ ગયેલા સ્થાનિકો પરત આવતા પણ સંક્રમિત થઈને શહેરના નાગરિકોને કોરોનાગ્રસ્ત કરતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે .અમદાવાદથી આવેલા કોરોના કેરિયર્સના લીધે જ શહેરમાં કોરોનાએ ફરી દસ્તક દીધી છે. જયારે આજે ગાંધીનગર જિલ્લામાં રોજબરોજ કેસ વધીને ૭૦ સુધી પહોંચી ગયા છે. આવા સંજોગોમાં અમદાવાદના નાગરિકોને શહેરમાં નો એન્ટ્રીનો કડક અમલ કરવા માટે પણ માંગ ઉઠવા પામી હતી. જયારે હવે આ મામલે પોલીસતંત્ર પણ કડક બન્યુ છે. શહેરના પ્રવેશદ્વાર પાસે પોલીસ શહેરમાં પ્રવેશતા મુલાકાતીઓની સઘળી વિગત મેળવી અમદાવાદથી શહેરમાં નોકરી માટે આવતા નાગરિકોને અટકાવી દે છે. જયારે આવા નાગરિકોને અટકાવી પ્રવેશદ્વારેથી જ તેમના ઘરે બેક ટુ પેવેલિયન કરી દેવામાં આવે છે. ખેર... દેર આયે દુરસ્ત આયે .. હવે ગાંધીનગરમાં કોરના સંક્રમણનો ખતરો ઘટશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### શહેરમાં કોરોના કેરિયર બનીને આવતા અમદાવાદના નાગરિકોને પ્રવેશ નહીં

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com